**મે. હારીજના સિવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ– હારીજ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૫૪/૨૦૨૫ |
| આંક | ૧૮ |
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર (હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર ૧૧૨૧૭૦૦૯૨૫૦૦૫૫/૨૦૨૫). |
| ફરીયાદી તરફે વિ..એ.પી.પી.શ્રી | વી.સી.ચૌહાણ. |
| આરોપી | અલ્પેશજી બાબુજી ઠાકોર, ઉંમર વર્ષ–૨૭, રહે–સરવાલ તા–હારીજ જી–પાટણ. |
| આરોપી તરફે વિ.વ. શ્રી | આર.એલ.પરમાર. |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ તારીખ | ૨૨/૦૧/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૪/૦૨/૨૦૨૫ |

| | |
|---|---|
| આરોપીના જવાબ ની તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૭/૦૧/૨૦૨૬ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા કર્યાની તારીખ | નિર્દોષ. |

## આરોપીની માહિતી –

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીનમુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યું/ સજા કરી | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ ૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | અલ્પેશજી બાબુજી ઠાકોર | – | – | બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબ | – | – |

## ફરીયાદી /બચાવ / ન્યાયાલયના સાક્ષી ની યાદી :–

(અ). ફરિયાદ પક્ષ :–

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૮ | પ્રવિણજી દશરથજી | ફરિયાદી |
| ૨ | ૧૪ | રાજુજી હરગોવનજી | ત.ક.અ.શ્રી |
| ૩ | ૧૬ | પ્રકાશજી ગલાબજી ઠાકોર | પંચ સાહેદ |

## (અ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :–

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૦૧ | ૯ | ગુનાની ફરિયાદ. |
| ૦૨ | ૧૫ | ડેપ્યુટ હુકમ. |
| ૦૩ | ૧૭ | અંગ ઝડતીનુ પંચનામુ. |

**ફરીયાદી /બચાવ /ન્યાયાલય ના સાક્ષી ની યાદી :-**

**(બ) બચાવ પક્ષ :-**

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| | | | |

**(બ) બચાવ પક્ષે દસ્તાવેજી પુરાવા :-**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| | | |

## -:: ઠ રા વ ::-

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે હારીજ ચાર રસ્તાથી સમી જવાના રોડ ઉપર પોતાની માલીકીની ઈક્કો ગાડી જેનો આર.ટી.ઓ. રજી નંબર- જીજે.૩૮.બીબી.૩૩૯૭ માણસોની ઝીદંગી જોખમાય તે રીતે પુરઝડપે ચલાવી હંકારી પોલીસ રેડ દરમિયાન મળી આવી પાછળથી પકડાઈ જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ હારીજ પો.સ્ટે.માં ફર્સ્ટ ગુના રજી.નં. ૧૧૨૧૭૦૦૯૨૫૦૦૫૫/૨૦૨૫ થી ફરીયાદ નોંધાયેલ છે. તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી, લાગતા-

વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઇ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયા બાદ આરોપીની આંક–૦૩ થી પ્લી નોધવામાં આવતા આક્ષેપિત ગુન્હાનો ઇન્કાર કરેલો છે. ત્યારબાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આ કામે ઉપરોકત મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**(૫).** કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે હારીજ ચાર રસ્તાથી સમી જવાના રોડ ઉપર પોતાની માલીકીની ઈક્કો ગાડી જેનો આર.ટી.ઓ. રજી નંબર– જીજે.૩૮.બીબી.૩૩૯૭ માણસોની ઝીદંગી જોખમાય તે રીતે પુરઝડપે ચલાવી હંકારી પોલીસ રેડ દરમિયાન મળી આવી પાછળથી પકડાઈ જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬).** ઉપરોક્ત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૭).** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો:-**

**(૮). મુદ્દા નંબર- ૧:-**

**(૮.૧)** કોઈપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે. જેમાં આરોપીને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સ મુજબ જ્યાં સુધી આરોપી સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીએ ગુનો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરુદ્ધ કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય તે કોર્ટમાં સાચું બોલતા હોય તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. **લેખરાજ વિરુદ્ધ હિમાચલ પ્રદેશ તેમજ અનિસીંગ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદામાં** માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની

હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલત એ જોવાનું હોય છે કે, કોઈ પણ નિર્દોષ માણસને સજા ના થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહિત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ ન્યાયાલયે એવી પણ ટકોર કરેલી છે કે, જ્યારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટી ઘૂંટીથી પરિચિત હોતા નથી. આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરિયાદ પક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરિયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૯) હાલના કામે મુદ્દાઓની ચર્ચાનું પુનરાવર્તન ન થાય તેવા એકમાત્ર હેતુથી બંને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલી છે હવે આ કામના આરોપી વિરુદ્ધ ફરમાવવામાં આવેલ ચાર્જશીટ વંચાણે લેતા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબ ના ગુનાનું તહોમત મૂકવામાં આવેલ છે એથી આરોપી સામેનું તહોમત નિ: શંકપણે પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે સૌપ્રથમ આ કામના આરોપીએ પોતાની ઈક્કો જેનો આર.ટી.ઓ. રજી નંબર- જીજે.૩૮.બીબી.૩૩૯૭ ની રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારેલ હોવાની શંકા રહિત પુરવાર કરવી જોઈએ.

વધુમાં આ કામે આંક-૧૬ થી પંચ સાહેદ પ્રકાશજી ગલાબજી ઠાકોર નાઓને તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદે તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે તેઓએ એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલ હોવાનું અને પંચનામા વિશે કશુ જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત નિ:શંકપણે સાબિત

થયેલ માની શકાય નહી. આમ, પોલીસની કાર્યવાહીને પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, ફરિયાદ પક્ષ આંક–૧૭ થી રજૂ પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

વધુમાં આ કામે આંક–૮ થી ફરિયાદી પ્રવિણજી દશરથજી નાઓની જુબાની નોંધેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરિયાદ પક્ષની હકીકતોને સમર્થન આપેલ છે પરંતુ તેની સાથે સાથે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, હાલના કામે વાહન કબજે કરેલ નહી, બનાવ વાળી જગ્યાએ જાહેર હાઇવે રોડ આવેલો છે અને વાહનોની અવર જવર રહે છે, બનાવ સમયે તેમની પાસે વાહનની ગતિ માપવાનું કોઇ યંત્ર નહોતુ, સરકારશ્રીએ તેઓને કોઈ વાહનની ગતિ માપવાનુ યંત્ર બનાવ સમયે આપેલુ નહી. સદર ચાલકની અંગઝડતી કરતા કોઇ શક પડતી ચીજવસ્તુ મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે.

વધુમાં આ કામે આંક–૧૪ થી ત.ક.અ.શ્રી રાજુજી હરગોવનજી નાઓની જુબાની નોંધેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરિયાદ પક્ષની હકીકતોને સમર્થન આપેલ છે પરંતુ તેની સાથે સાથે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, હાલના કામે બનાવ સમયે તેઓ હાજર હતા અને તપાસ પણ તેઓએ કરેલી છે, બનાવવાળી જગ્યાએ જાહેર હાઈવે રોડ છે, તેઓએ બનાવવાળી જગ્યાની આજુબાજુ આવેલ ગલ્લાવાળાના નીવેદન લીધેલા નથી. તેઓએ પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સાહેદોના નીવેદન લીધેલા નહી હોવાનું જણાવેલ છે.

**(૧૦)** હાલના કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, ૨૦૧૭ (૦) સુપ્રિમ (એસ.સી) પાના નંબર– ૫૭૪, સતીષ નિરંકારી વિરુધ્ધ રાજસ્થાનનો વંચાણે લેવામાં આવે તો તેમા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ છે કે, ‘ જયાં સુધી આરોપીની સામેનો ગુન્હો નિં:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને સજા કરી શકાય નહી’.

**(૧૧)** આમ,ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખી હાલના કેસમાં પડેલા પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનું હાલના કામનું તહોમત પુરવાર કરવા માટે આંક–૮ થી ફરીયાદી પ્રવિણજી દશરથજી નાઓને તથા આંક–૧૪ થી ત.ક.અ.શ્રી રાજુજી હરગોવનજી નાઓની જુબાની આપેલી છે. પરંતુ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૧૫૯ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા મજકુર સાહેદનો સમાવેશ રસ ધરાવતા સાહેદમાં થતો હોય રસ ધરાવતા સાહેદની જુબાની સ્વતંત્ર સાહેદની જુબાની ધ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધ અનુમાન કરી શકાય નહી તે મુજબની જોગવાઈ ધ્યાને રાખી રેકર્ડ વંચાણે લેતા હાલના કામે આ કામનાં આરોપી તેઓના કબજાનું વાહન રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારેલ હોવા અંગેનું તહોમત પુરવાર કરવા તેમજ ફરીયાદપક્ષને સમર્થન આપે તેવા મહત્વનાં કોઈ સ્વતંત્ર સાક્ષી તપાસેલ નથી.

**(૧૨)** વધુમા આ કામે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ફરીયાદી તથા ત.ક.અમલદારની કરવામાં આવેલી ઉલટતપાસમાં સદર પોલીસ સાહેદો એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, હાલના કામે વાહન કબજે કરેલ નહી, બનાવ વાળી જગ્યાએ જાહેર હાઈવે રોડ આવેલો છે અને વાહનોની અવર જવર રહે છે. આ કામના સાહેદોની જુબાનીથી ફલિત થાય છે જેથી હાલના કામે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતા હાલના કામે તપાસવામાં આવેલ નથી આમ આ કામે આરોપીની તરફે કરવામાં આવેલી દલીલ ન માનવાનું કોઈ કારણ જણાતું નથી.

**(૧૩)** વધુમાં આ કામે રેકર્ડ વંચાણે લેતાં આ કામે ફરીયાદપક્ષે હાલનાં કામનાં બનાવવાળી જગ્યા વાહનોની અવરજવર વાળી તેમજ માણસોની અવરજવરવાળી હોવા છતાં આ કામે ફરીયાદપક્ષને સમર્થન કરે તેવા અન્ય

કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી અને આ કામે જે સાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે તે તમામ પોલીસ સાહેદો છે જેથી તેઓ તેમના નિવેદનો ને તથા ફરીયાદપક્ષને સમર્થન કરે તેવી જુબાની આપે તે સ્વભાવિક છે કેમકે તેઓ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૧૫૯ મુજબ હિત ધરાવતાં સાહેદોનાં પર્યાયમાં આવી જાય છે તદઉપરાંત આ કામનો બનાવ જાહેર રસ્તા પર બનેલો હોવાથી તથા માણસોની તથા વાહનોની અવરજવર હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલા નથી જેથી પણ હાલનાં કામે અન્ય સ્વતંત્ર સાહોદો થકી હાલનાં કામની ફરીયાદને સમર્થન પ્રાપ્ત થયેલ હોય તેવું અત્રેના કેસના રેકર્ડ પરથી ફલીત થતું નથી.

વધુમાં હાલના કામે પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી. જેથી પણ આ કામે આરોપી પોતાનું વાહન રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલી નથી જેથી અત્રેની અદાલતના રેકર્ડ પરના પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન કરતા રેકર્ડ પર આવેલી નથી જેથી અત્રેની અદાલતના રેકર્ડ પરના પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન કરતા ભારતીય ન્યાય સંહિતાની કલમ –૨૮૧ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય આ કામના આરોપીએ તા.૨૨/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે હારીજ ચાર રસ્તાથી સમી જવાના રોડ ઉપર પોતાની માલીકીની ઈક્કો ગાડી જેનો આર.ટી.ઓ. રજી નંબર– જીજે.૩૮.બીબી.૩૩૯૭ માણસોની ઝીદંગી જોખમાય તે રીતે પુરઝડપે ચલાવી હંકારી પોલીસ રેડ દરમિયાન મળી આવી પાછળથી પકડાઈ જઈ, બી.એન.એસ. ની કલમ–૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની હકીકત જણાય આવતી ન હોય આ કામના આરોપીને ફરીયાદવાળા ગુનાના કામે વાજબી શંકાનો લાભ આપવાનું ઉચિત જણાય આવતું હોય ફરીયાદપક્ષ આરોપીની સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેવું ઠરાવી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ

ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

- આ કામના આરોપી નામે **અલ્પેશજી બાબુજી ઠાકોર, ઉંમર વર્ષ–૨૭, રહે–સરવાલ તા–હારીજ જી–પાટણ** વાળા નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાના અભાવે વાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામના આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(એ) અન્વયે રૂ.૫૦૦૦/– નાં અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ **૨૯** મી, માહે–**જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તા.૨૯/૦૬/૨૦૨૬**
**સ્થળ– હારીજ**

**(મિત્તલબેન દિલીપસિંહ જાદવ)**
**જ્યુડી.મેજી. ફ.ક. હારીજ,**
**કોડ નં. જી.જે.૦૧૭૪૬**

TS